©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] MONDAY, 10th NOVEMBER, 2025/KARTIKA 19, 1947 [No. 7396

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિકૃત અધિકારી અને નગર નિયોજક

હળવદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, હળવદ

(હળવદ નગરપાલિકા)

અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૩ તેમજ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ નં - ૫ મુજબ

મુસદ્દારૂપ વિકાસ યોજના, હળવદ

નં. ડીપી/હળવદ/૭૭૦/૨૦૨૫-અધિકૃત અધિકારી અને નગર નિયોજક, મોરબી શાખા કચેરી, મોરબી દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૯ હેઠળ રાજ્ય સરકારને મુસદ્દારૂપ વિકાસ યોજના તૈયાર કરી આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલ મુજબ સાદર કરેલ છે.

તેથી હવે સદરહુ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૩ની પેટા કલમ (૧) અનુસાર, અધિકૃત અધિકારી આથી નોટિસ આપે છે કે ગુજરાત રાજ્યના રાજયપત્રમાં વિકાસ યોજનાના મુસદ્દાની પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદ્દતની અંદર, કોઈપણ વ્યક્તિને મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તને લગતા જે કોઈ વાંધા/સૂચનો કરવાના હોય તે લેખિત રીતે (ત્રણ નકલમાં) આધાર પુરાવા સહ અધિકૃત અધિકારી અને નગર નિયોજક, મોરબીને મોકલી આપવાના રહેશે તથા આવેલ વાંધા અને સુચનો અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની આનુસંગીક જોગવાઈઓ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

: અનુસૂચિ :

૧) હળવદ વિસ્તાર વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજનાનો અહેવાલ તથા વિકાસ નિયંત્રણ વિનિયમો

૨) હળવદ વિસ્તાર વિકાસ સત્તામંડળનો હયાત જમીન વપરાશ દર્શાવતો નક્શો.

૩) હળવદ વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તારની સૂચિત વિકાસ યોજનાની દરખાસ્ત દર્શાવતો નક્શો.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઇ અન્વયે મુસદ્દારૂપ વિકાસ યોજનાની અનુસૂચિમાં દર્શાવેલ વિગતો અધિકૃત અધિકારી અને નગર નિયોજક, મોરબી શાખા કચેરી, મોરબી તથા હળવદ નગરપાલિકા કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના દિવસોએ કચેરી સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખવામાં આવેલ છે.

સ્થળ : મોરબી
તારીખ : ૦૭-૧૧-૨૦૨૫

(કે. આર. પટેલ)
અધિકૃત અધિકારી
અને નગર નિયોજક
મોરબી

કચેરીનું સરનામું :
નગર નિયોજકની કચેરી, મોરબી શાખા,
રૂમ નં. ૨૨૧,૨૨૨,૨૨૩, બીજો માળ,
જિલ્લા સેવા સદન, સો ઓરડી,
મોરબી - ૩૬૩૬૪૨.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.11 12:24:23 IST